# યાત્રાધામ શામળાજી મંદિરમાં આતંકી હુમલાની દહેશતથી સુરક્ષા કડક કરાઈ

શામળાજી, તા. ૧૩
કાશ્મીરમાં ૩૭૦ અને ૩૫-એ નાબૂદ કર્યા બાદ આંતકવાદી હુમલાની દહેશતના પગલે ગુજરાતના યાત્રાધામોની પણ સુરક્ષા કડક કરી દેવામાં આવી છે. દુશ્મન દેશ પાકિસ્તાનની હરકતોના પગલે સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરની સુરક્ષા સાબદી કરાઈ છે. શ્રાવણ માસને લઈ શામળાજી મંદિર ખાતે ભાવિકોનો ઘસારો જોવા મળે છે. રાજસ્થાન રાજ્યમાંથી પ્રવેશતા તમામ વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે.





૭૩માં સ્વાતંત્ર પર્વમાં આતંકી હુમલાની દહેશત હોવાથી આઈબીના ઈનપુટના આધારે શામળાજી પીએસઆઈ સંજય શર્મા અને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ અને શામળાજી મંદિરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જમ્મુ-કશ્મીરમાં ૩૭૦ કલમ નાબૂદી બાદ દુશ્મન દેશ મૂંઝાયો છે. આવામાં ગુજરાત અને મહારાષ્ટ્રમાં મોટો આતંકી હુમલો થઈ શકે છે. આતંકી હુમલાની દહેશતને લઈ મોટા શહેરોમાં એલર્ટ અપાયું છે. ભારત સામે આતંક ફેલાવા આઈએસઆઈ અને જૈશ-એ-મોહંમદ એક થયું છે. જૈશ-એ-મોહમંદના ઓપરેશનલ કમાન્ડરના આતંકી હુમલાની જવાબદારી આપવામાં આવી છે.

## અરવલ્લી જિલ્લામાં રામ રાજ્ય

# ગુન્હેગારો બેખોફ, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી

## એટીએમ લૂંટ અને આંગડિયાની લૂંટમાં ફિફા ખાંડતી પોલીસ

મોડાસા,તા. ૧૩
અરવલ્લી જીલ્લામાં પોલીસતંત્રની સરેઆમ નિષ્ફળતાના કારણે ગુનેગારો બેખોફ બનીને રોજ રોજ ગંભીર ગુનાઓને અંજામ આપી રહ્યા છે. કાયદો અને વ્યવસ્થાનું સ્તર સાવ તળિયે ધકેલાય રહ્યું છે. નોંધાતા ગુન્હાઓ ઉકેલાતા નથી, આરોપીઓ પકડાતા નથી જેથી લોકોની સુરક્ષા સામે ખતરો પેદા થયો છે. બાયડ શહેરના એક જ દિવસમાં એટીએમ કટરથી કાપી લાખ્ખો રૂપિયાની લૂંટ, આંગડિયા પેઢીના કર્મચારી પર જીવલેણ હુમલો કરી લૂંટી લેવાની ઘટનાને સપ્તાહથી વધુનો સમય થવા છતાં પોલીસતંત્ર ફિફા ખાંડી રહ્યું છે.

જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ચાર્જ સંભાળ્યા પછી જીલ્લામાં અસામાજિક પ્રવૃતિઓ અને ટ્રાફિકની સમસ્યાઓ નાથવામાં મહદંશે સફળ રહેતા જીલ્લાના પ્રજાજનો બાહોશ નવયુવાન એસપી મયુર પાટીલથી પ્રભાવિત બન્યા હતા પરંતુ "આરંભે સુરા" કહેવત પ્રમાણે પ્રજાજનોની આશાઓ ઠગારી નીવડતા જીલ્લા પોલીસવડાની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ પેદા થયા છે.

જિલ્લા પોલીસતંત્ર નિષ્ફળ રહ્યું હોય તેવો પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે. જીલ્લા પોલીસતંત્ર બાતમી આધારિત દારૂની રેડ, જુગાર રેડ અને નાસતા ફરતા આરોપીઓને ઝડપવામાં શૂરવીર જણાઈ રહ્યું છે જાણે જીલ્લા



પોલીસતંત્ર બાતમી આધારિત બની રહ્યું છે. જીલ્લામાં મોટા ભાગની ઘરફોડ ચોરીના ગુન્હા હજુ સુધી વણ ઉકેલ્યા છે.

બાયડ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એટીએમ માંથી ૩૨.૮૧ લાખની તસ્કરી અને ગણતરીના કલાકોમાં ધોળે દહાડે જે.કે. આંગડિયા પેઢીની ઓફિસમાં કર્મચારી પર હુમલો કરી રૂ.૩ લાખની લૂંટમાં ગુન્હો ઉકેલવા અને આરોપીઓને દબોચવા એલસીબી, એસઓજી અને પોલીસ અધિકારીઓની વિવિધ ટીમો બનાવી રાજ્યમાં અને રાજ્યબહાર તપાસ માટે ધમધમાટ શરુ કર્યા પછી પણ આરોપીઓ હાથ ન લાગતા જીલ્લા પોલીસતંત્રની દિશાહીન તપાસથી પોલીસતંત્રની કામગીરી સામે અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે.

અરવલ્લી જીલ્લામાં રાજકારણીઓની ભલામણ આધારે પોલીસ ડિપાર્ટમેન્ટમાં ખુરશી પર બેઠેલા આ અધિકારીઓ અને કર્મચારીઓના કારણે ગુન્હાખોરીનો ગ્રાફ સતત વધી રહ્યો છે.

# શામળાજીને અલગ તાલુકો બનાવવા કલેક્ટરને રજુઆત

શામળાજી, તા. ૧૩
સાબરકાંઠા જિલ્લામાંથી અરવલ્લી જિલ્લાનું નવનિર્માણ થયું ત્યારથી શામળાજી પંથકના પ્રજાજનોમાં શામળાજીને અલગ તાલુકો બનાવવા માંગ કરી રહ્યા છે. શામળાજી પંથકના અંતરીયાળ ગામોમાંથી ૫૦ કિમીનું અંતર કાપીને અરજદારોને ભિલોડા પહોંચવામાં હાલાકી ભોગવવી પડે છે. ભિલોડાના ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારાએ જીલ્લા કલેક્ટર એમ.નાગરાજને લેખિત રજુઆત કરી શામળાજીને અલગ તાલુકો બનાવવા માંગ કરી હતી. ધારાસભ્યની માંગને પગલે શામળાજી પંથકના પ્રજાજનોમાં શામળાજીને અલગ તાલુકો બનાવવાની સુસુપ્ત બનેલી માંગણી ફરીથી પ્રબળ બની છે.

ભિલોડા તાલુકામાં મોટા ભાગે આદિજાતી સમાજ વસે છે. તેમજ ભિલોડા તાલુકો વિસ્તારની દ્રષ્ટિએ પણ ખુબ જ મોટો તાલુકો છે. ત્યારે શામળાજીના અંતરીયાળ ગામોમાંથી અરજદારોને તેમજ તાલુકાવાસીઓને ૫૦ કિલોમીટરથી વધુનું અંતર કાપીને તેમજ બે બસો બદલીને તાલુકા મથકે પહોંચવું પડતું હોવાથી તાલુકાવાસીઓને ભારે



હાલાકી ભોગવવી પડી રહી છે. આ અંગે ભિલોડાના ધારાસભ્યએ અરવલ્લી જિલ્લા કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરીને શામળાજીને અલગ તાલુકો બનાવવામાં આવે તેવી માંગ કરી હતી.

આ અંગે ભિલોડાના ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારાએ અરવલ્લી જિલ્લા કલેકટર એમ.નાગરાજનને લેખિતમાં અરજી આપી જણાવ્યું હતું કે ભિલોડા તાલુકો શેડ્યુઅલ વિસ્તારમાં આવતા તમામ તાલુકાઓમાં વસતીની રીતે અને ભૌગોલિક રીતે ખુબ જ મોટો તાલુકો છે. ભિલોડા તાલુકાના અંતરીયાળ ગામોમાંથી તાલુકાના કામકાજ માટે લોકોને ૫૦ કિલોમીટરથી વધુનું અંતર કાપીને ભિલોડા તાલુકા મથકે પહોંચવું પડે છે. જ્યારે અંતરીયાળ ગામોમાંથી તો બે થી વધુ વાહનો બદલીને ભિલોડા પહોંચવુ પડે તેવી સ્થિતિ છે. ત્યારે અંતરીયાળ ગામોના લોકોને તાલુકાના કામકાજ માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી બાજુ શામળાજી નેશનલ હાઈવે પર આવેલું છે અને પ્રસિધ્ધ યાત્રાધામ પણ છે જેથી લોકોની અવર જવર શામળાજી ખાતે ખુબ જ રહે છે. શામળાજીના આસપાસના અંતરીયાળ વિસ્તારોના લોકોને પણ ખરીદી માટે શામળાજી આવવું જ પડતું હોય છે. ત્યારે જો શામળાજીને તાલુકો બનાવવામાં આવે તો લોકોને તાલુકાના કામો કરવા માટે ખુબ જ સરળ સવલત થઈ શકે તેમ છે. જેથી શામળાજી તેમજ આસપાસના લોકોના હિતમાં શામળાજીને અલગ તાલુકો બનાવવા માટે ભિલોડા ધારાસભ્યએ માંગ કરી હતી.

## પાલનપુરમાં શ્રાવણીયો જુગાર રમતાં ૪ શકુની ઝડપાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં શ્રાવણીયા જુગારની મોસમ ખીલી ઉઠી હોઈ તેમ ઠેરઠેર જુગારધામો જુગારીયા ઓ થી ધમધમવા લાગ્યા છે. ત્યારે પોલીસ દ્રારા પણ જુગારની બદી ને ડામવા માટે જુગારીયાઓ પર ખાસ વોચ રાખવામાં આવી રહી છે. જેમાં પાલનપુર હાઈવે પર કેપલ હોટલની બાજુમાં આવેલ શબનમ ગેરેજની સામે ગંજીપાના થી જુગાર ખેલાતો હોઈ પશ્ચિમ પોલીસની ટીમે આ જુગારધામ પર ઓચિંતો દરોડો પાડવામાં આવ્યો હતો જેમાં અહીં પૈસા ની હારજીત નો જુગાર ખેલતા પાલનપુરના ચાર જુગારીયાને રૂ.૧૮૦૦૦ હજાર રોકડ અને રૂ.૧૬૦૦૦ ના ત્રણ મોબાઈલ સાથે કુલ ૩૪.૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે જુગારીયાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરતા જુગટુ રમતા તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## મોડાસાની જે.બી.શાહ સ્કૂલની ધો.૧૦ની વિદ્યાર્થિની

# શાળા છૂટ્યા પછી કલાસ રૂમ બહાર પટકાતા મોત નિપજતા ચકચાર

શાળા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભણતરના ભાર નીચે અને અભ્યાસની હરીફાઈમાં બીમાર હોવા છતાં શારીરિક સારસંભાળ રાખતા ન હોવાથી દુઃખદ પરિણામ ભોગવવા પડતા હોય છે મોડાસાની જે.બી.શાહ ઈંગલિશ મીડીયમ સ્કૂલમાં ધો.૧૦માં અભ્યાસ કરતી ધન્વી શાહ નામની વિદ્યાર્થીની શાળા છૂટ્યા પછી વર્ગ ખંડની બહાર નીકળતા અગમ્ય કારણોસર પટકાતા શાળાના શિક્ષકો તાબડતોડ ખાનગી હોપિટલમાં સારવાર અર્થે ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા ચકચાર મચી હતી અચાનક વિદ્યાર્થીની નું મોત નિપજતા ભારે શોકની લાગણી છવાઈ હતી.

મોડાસાની પંચજયોત સોસાયટીમાં રહેતી ધન્વી શાહ



જે.બી.શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ધોરણ-૧૦ માં અભ્યાસ કરતી હતી મંગળવારે રાબેતા મુજબ શાળાએ ગઈ હતી સ્કૂલ છૂટવાના સમયે કલાસરૂમના અન્ય વિદ્યાર્થીઓ સાથે કલાસરૂમની બહાર નીકળી નજીકમાં અગમ્ય કારણોસર ફસડાઈ પડતા સાથી વિદ્યાર્થીઓએ તાત્કાલિક શિક્ષકોને જાણ કરતા તાબડતોડ ધન્વી શાહને મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા શિક્ષકો શોકમગ્ન બન્યા હતા ધન્વિનાં પરિવારજનો અને સગા-સંબંધીઓ હોસ્પિટલ ખાતે દોડી આવી ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી પ્રાપ્ત માહિતી મુજબ ધન્વી શાહ છેલ્લા ત્રણ દિવસ થી તાવ આવતો હોવાનું જાણવા મળ્યું હતું.




આંજણા યુવક મંડળ ગુજરાત દ્વારા શિક્ષણ ક્ષેત્રે ઉપબલ્ધી મેળવેલ અને સરકારમાં કલાસ ૧ અને ૨ માં નિમણુંક પામેલ તેજસ્વી તરલાઓનો સન્માન સમારોહ યોજાયો.. ડૉ હિતેશભાઈ ચૌધરી દ્વારા સૌની વચ્ચે વર્તમાન પ્રવાહો મુજબ પરિવર્તન લાવવાની વાત કરી..!!

## કસારી નજીક રીક્ષા અને ટ્રક વચ્ચે અકસ્માત બે'ને ઈજા

ડીસા તાલુકા ના કંસરી નજીક ગત રોજ છકડો રીક્ષા અને ટ્રક વચ્ચે સર્જાયેલ અકસ્માત માં રીક્ષા માં સવાર બે વ્યક્તિ ઓ ને ઈજા ઓ થતા સારવાર અર્થે ખસેડાયા હતા.

સોમવારે કંસારી ટોલ ટેક્સ નજીક સોમવારે પસાર થતી છકડો રીક્ષા અચાનક આગળ જતી ટ્રકના પાછળના ભાગે અથડાઈ હતી અને અકસ્માત સર્જાયો હતો રીક્ષામાં સવાર છ જેટલા પેસેન્જરમાંથી બે મુસાફરને ગંભીર ઈજાઓ થતા ૧૦૮ મારફત સારવાર અર્થે પ્રથમ ડીસા સિવિલ લાવવામાં આવેલા પરંતુ ત્યાં તેમની હાલત વધુ બગડતા વધુ સારવાર અર્થે પાલનપુર ખાતે લઈ જવાયા હતા.



**પાલનપુર પાતાળેશ્વર મહાદેવજીને ચલણી નોટોનો શણગાર**

બનાસકાંઠા જિલ્લામાં પવિત્ર શ્રાવણમાસમાં શિવાલયો ઘંટારવથી ગુંજી રહ્યા છે. જિલ્લાના બાલારામ, વિશ્વેશ્વર, કેદારનાથ, પાડણ સહિતના શિવમંદિરોમાં શિવભકતો દ્વારા વિશેષ પુજા- અર્ચના કરવામાં આવી રહી છે. જ્યાં જિલ્લા મથમ પાલનપુર ખાતે આવેલા ઐતિહાસિક પાતાળેશ્વર મહાદેવજીને સોમવારે ચલણી નોટોનો શણગાર સજવામાં આવ્યો હતો.

## હિંમતનગરમાં આયંબીલ તપનું સ્વામી વાત્સલ્ય

હિંમતનગર, તા. ૧૩
હિંમતનગરના મહાવીર નગરના સોસાયટીનગરમાં આવેલ જૈન શ્વેતાંબર સંઘ ખાતે સોમવારે બકરી ઈદ નિમિત્તે આયંબીલ તપનું કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પૂજ્યમુનિ વિતરાગ વલ્લભના સાનિધ્યમાં ૬૧૮ આરાધકોએ આયંબીલ તપ કરી આયંબીલ તપનું સ્વામી વાતસલ્ય કર્યુ હતુ. આ આરાધકો પૈકી ૧૨૫ તપસ્વી ૧૫ વર્ષથી નાની ઉંમરના હતા. આ તપની આરાધના હિંમતનગરમાં સૌ પ્રથમ વખત કરાઈ હતી.

## મંદબુદ્ધિના બાળકોની સંસ્થામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે

હિંમતનગર, તા. ૧૩
સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ મંદબુદ્ધિના બાળકોની સંસ્થામાં તા. ૧૫ ઓગષ્ટના રોજ સ્વાતંત્ર્યદિન નિમિત્તે ધ્વદવંદન અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જે પ્રસંગે સંચાલક સમિતિના હોદ્દેદારો ઉપસ્થિત રહેશે.

## બનાસ ડેરી પશુપાલકોની સમસ્યાઓ ઉકેલવા સદાયે તત્પર

પાલનપુર, તા. ૧૨
આપણા જીલ્લાના ખેડૂતોને વધુ લાભ મળે તેવા શુભઆશયથી સતત અને નિરંતર પ્રયાસો કરતા રહે છે. બનાસડેરીનો ડી.એચ. વિભાગ, આપણા જીલ્લાના પશુઓ માટે ત્રણેય ઋતુમાં ખડેપગે ઉભો રહે છે. પરિણામે સતત અને નિરંતર સેવાઓ આપે છે. આપણા જીલ્લાના ખેડૂતોના પશુઓને સમયસર, ગુણવત્તા યુક્ત અને ત્વરિત વિવિધ સેવાઓ આપવાના નિરંતર પગલાં હાથ ધરવામાં આવે છે.

બનાસ ડેરીના અધિકારી દ્વારા જણાવવામાં આવેલ કે તા.૧૨-૮-૧૯ના રોજ એફ.આઈ.પી.કેમ્પ રાખવાનો છે. આ માહિતીને બહોળી પ્રસિદ્ધિ માટે દૂધમંડળીના નોટીસ બોર્ડ પર નોંધ કરી, દૂધ સ્લીપ માં જાણકારી આપીને, વોટ્સઅપના માધ્યમથી વધુ દૂધ ગ્રાહકો આ જાણકારીથી વાકેફ થાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

આ અનુસંધાને તા. ૧૨-૮-૨૦૧૯, સોમવારના રોજ પંચવટી-જલોતરા મુકામે સંઘ અને ફેડરેશન સંચાલિત પશુ વંધ્યત્વ સુધારણા (એફ.આઈ.પી.) યોજના અંતર્ગત એફ.આઈ.પી. કેમ્પ રાખવામાં આવ્યો. જેમાં ગામના ગરમીમાં (વેતરમાં)ના આવતા પશુઓ, વારંવાર ઉથલા મારતાં ગર્ભાશયની બિમારીવાળા પશુઓ (ગાય/ભેંસ) કેમ્પમાં નોંધણી કરી, સારવાર આપવામાં આવી. આ પ્રસંગે બનાસ ડેરીના બોર્ડ ડિરેક્ટર અને મંડળીના ચેરમેન દિનેશભાઈ હાજર રહી કેમ્પનું વિધિવત ઉદ્‌ઘાટન કર્યું હતું. મંડળીના મંત્રી હરિભાઈ અને સ્ટાફગણ તેમજ મંડળીના દૂધગ્રાહકો દ્વારા ઉત્સાહભેર ભાગ લીધો અને યોજનાનો વધુમાં વધુ લાભ લીધો. મંડળીના પશુપાલન મિત્ર કમલેશભાઈ અને સુરેશભાઈએ પણ બનાસ ડેરીના નિષ્ણાત ડો. કોલ્હે અને ડો. વિપુલભાઈને કેસોમાં પૂર્ણતઃ મદદ કરી. આ યોજનામાં પ્રથમ અને બીજા કેમ્પમાં આવનાર પશુઓની નોંધણી કરવામાં આવે છે અને જો તે પશુ ગાભણ થાય તો તેને ૨ (બે) બનાસ દાણનો લાભ આપવામાં આવે છે. જલોતરા ગામે એફ.આઈ.પી.પશુ કેમ્પ અંતર્ગત ૧૯૦ વંધ્ય પશુઓની ચકાસણી કરવામાં આવી.

## વડગામના ધોતામાં શ્રાવણીયો જુગાર રમતા ૬ નબીરા ઝડપાયા

વડગામ,
વડગામ તાલુકાના ધોતા ગામમાં બપોર ના સમયે શ્રાવણીયો જુગાર રમતાં ૬ શકુનીયોને વડગામ પોલીસે ઝડપી લઈને જુગાર ધારા હેઠળ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે

વડગામ પોલીસ મથકે થી મળતી માહિતી અનુસાર ધોતા ગામમાં બપોર ના સમયે એક મકાન માં શ્રાવણીયો જુગાર રમાતાં હોવાની મળેલી બાતમીના આધારે વડગામ પોલીસ દ્વારા ઓચિંતી રેડ કરતાં છ નડિયાદમાં જુગાર રમતા પોલીસ ના હાથે ઝડપાઈ ગયા હતા જેમાં રોકડ રકમ રૂ/- ૧૦૨૩ તેમજ ૬ નંગ મોબાઈલ મળી આવ્યા હતાં જેની કિંમત અંદાજે રૂ/-૨૮૦૦ મળીને કુલ રકમ રૂ/- ૧૩,૦૩૦ સાથે છ એ જણને ઝડપી લીઈને કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

# અખિલ હિંદ શ્રીમાળી સોની મહામંડળની સાબરકાંઠા અરવલ્લી જિલ્લાની ઈડર બેઠક પર સભ્ય પદ માટે રસાકસી

અખિલ હિન્દ શ્રીમાળી સોની સમાજના સાબરકાંઠા અરવલ્લી જિલ્લાની આગામી ૧૮ ઓગસ્ટના રોજ ચૂંટણી યોજાવાની છે. જેમાં મહાસમિતિની અલગ અલગ બેઠક માટે ચૂંટણી જંગ ખેલાવાનો છે જેમાં ખાસ ઈડર બેઠકનો જંગ ખાસ મહત્વનો બની રહે છે. આ બેઠક માટે હાલ ત્રિપાંખીયો જંગ છે જેમાં કુલ ૩ ઉમેદવારોએ જંપલાવ્યું છે જેમાં કૌશિકકુમાર પ્રવીણચંદ્ર સોની (ભિલોડા), જીતેન્દ્ર કુમાર ચંદુલાલ સોની (ટોરડા) તેમજ દેવાંગકુમાર મહેન્દ્રભાઈ સોની (ખેડબ્રહ્મા) આ ત્રણ ઉમેદવારો વચ્ચે સીધો ચૂંટણી જંગ યોજાવાનો છે. ૧૮ ઓગસ્ટના રોજ યોજાનાર ચૂંટણી ૧૩મી મહાસમિતિની ચૂંટણી છે હાલ સાબરકાંઠા શ્રીમાળી સમાજના પ્રમુખ તરીકે ઈડર બેઠક પરથી ઉમેદવારી નોંધાવનાર જીતેન્દ્રકુમાર ચંદુલાલ સોની પ્રમુખ છે. સમાજમાં ખૂબ અસંતોષ જોવા મળી રહ્યો છે. છેલ્લા ૧૦-૧૦ વર્ષથી માત્ર હોદ્દો લઈ બેસી રહેનાર સદસ્યો માટે ભારે અસંતોષ ફેલાઈ રહ્યો છે અને હાલ જેમ પ્રધાનમંત્રીએ યુવાનોને ચાન્સ આપ્યો છે એમ સમાજના ઉત્થાન માટે યુવાનોને પણ તક આપવી જોઈએ એવી સમાજના અગ્રણીઓની માંગ છે, ત્યારે ઈડર બેઠક માટે પ્રથમ વખત ઉમેદવારી કરનાર કૌશિક પ્રવીણચંદ્ર સોનીને સારામાં સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. કૌશિક સોની છેલ્લા ૧૦ વર્ષથી સમાજની ચોથી જાગીર એવી પત્રકાર ક્ષેત્રે ઉમદા સેવાની કામગીરી બજાવી રહ્યા છે. સાથે સાથે શિક્ષણ ક્ષેત્રે પણ ખુબજ ઉત્તમ કામગીરી હાલ પણ કરી રહ્યા છે. સમાજ માટે સુવર્ણકારોને નડતા સરકારી પ્રાણ પ્રશ્નોની પણ તેમની આગવી સુજથી ઉકેલવા માટે સક્ષમ છે. તેઓ પણ ચૂંટણી ઈચ્છતા નહોતા દસ દસ વર્ષથી હોદ્દાઓ લઈ અડીંગો જમાવી બેસેલા હોદ્દેદારો સમાધાન કરી ચૂંટણી બિનહરીફ કરી શકત પરંતુ આ હોદ્દેદારો જ ચૂંટણી લાવ્યા છે ત્યારે અખિલ હિન્દ સોની મહા મંડલની ઈડર બેઠક માટેની મતદારયાદીમાં પણ છબરડા જોવા મળ્યા છે. તેમાં મૃત મતદારોના નામ કેન્સલ કરેલ નથી, હાલ પણ ચાલુ છે ત્યારે ન્યાયિક ચૂંટણી થશે કે કેમ એ બાબત પણ હાલ ચર્ચાઈ રહી છે. ત્યારે આવા સંજોગોમાં પહેલેથી જ હોદ્દા વગર પણ સમાજની સેવા માટે તત્પર રહેનાર શિક્ષણ વીદ અને મીડિયા ક્ષેત્રે પણ સારી નામના ધરાવનાર કૌશિક પ્રવીણચંદ્ર સોનીને ખૂબ આવકાર મળી રહ્યો હોવાની સોની સમાજમાં ચર્ચા છે. ત્યારે ઈડર બેઠકમાં કૌશિક પી. સોની (ભિલોડા)ની જીત નિશ્ચિત મનાઈ રહી છે. ઈડર બેઠક માટે ભિલોડા, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, જાદર, ટોરડા, કડીયાદરા, લેઈ, નિકોડા, બેરણાં, મઉ, રામનગરના ગામો આવે છે. ત્યારે આગામી ૧૮ ઓગસ્ટના રોજ ઈડર શ્રીમાળી સોની સમાજની વાડીમાં સાબરકાંઠા અરવલ્લીની અખિલ હિન્દ શ્રીમાળી સોની મહામંડળની ચૂંટણી યોજાશે.

## ધાનેરા નેનાવા ચેક પોસ્ટ પરથી દારૂ સાથે મુદ્દામાલ ઝડપાયો

પ્રદિપ સેજુળ બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકની સુચના તથા અજીત રાજયાણ મદદનીશ પોલીસ અધિક્ષક થરાદ વિભાગના માર્ગદર્શન મુજબ જીલ્લામાં દારૂની હેરાફેરી અટકાવવા માટે કડક સુચના કરેલ હોઈ જે આધારે આજ રોજ નેનાવા ચેક પોસ્ટ પરથી વાહન ચેકીંગ દરમ્યાન ટાટા LPT 1109 મોડલની ટ્રક ગાડી નં. GJ-02-Z-2806 ની માં સીમેન્ટની ઈટોની આડ માંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની પેટી નંગ-૬૫ કુલ બોટલ નંગ-૭૮૦ તથા ટાટા ટ્રક ગાડી કિમત તથા મોબાઈલ નંગ-૫ મળી કુલ મુદ્દામાલ ૮,૧૯,૦૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે.




હિંમતનગર ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન અંતર્ગત આજરોજ હિંમતનગર શહેરના આકાશગંગા કોમ્પલેક્ષ ખાતે સદસ્યતા અભિયાન નો કાર્યક્રમ રાખવામાં આવેલ. આ પ્રસંગે સાબરડેરી અને સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલ, સદસ્યતા અભિયાનના જીલ્લા કન્વીનર વિજય પંડ્યા, બીપીન ઓઝા, બેન્કના ડીરેકટર ઉમેશભાઈ અમીન સહિત મોટી સંખ્યામાં દુકાનદારો, સહિત યુવાનોએ ભાગ લીધો હતો.